GJRJ180000542026

Presented on : 07-02-2026
Registered on : 07-02-2026
Decided on : 11-03-2026
Duration : 0 year, 01 month, 04 days

**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT ,RAJKOT**
**Presided Over by P.R.SUTHAR**

**DST LC/09/2026**

**આંક–૧૮**

**અરજદાર :– ગુજ. પપ્પુ ફુલસિંહ બારેલાના વારસ અને આશ્રીત દરજજે**
(૧)ફુલસિંહ બારેલા(ઉ.વ.૭૨) (ગુજ.ના પિતા)
(૨)કમરાબાઈ (ઉ.વ.૩૪)(ગુજ.ના પત્નિ)
(૩)વિશાલ બારેલા(ઉ.વ.૧૪)(ગુજ.ના સગીરપુત્ર)
(૪)રાની બારેલા(ઉ.વ.૮)(ગુજ.ના સગીરપુત્રી)
અરજદાર નં.૩ અને ૪ સગીરના વાલી અને ઈષ્ટમિત્ર દરજજે અરજદાર નં.ર
**બધા રહે,** મોહનપુરખુર્દ, પોસ્ટ–ઉમરી જિલ્લા ગુના
એમ.પી, ઉમરી,ઉમરી,ગુના,
મધ્યપ્રદેશ–૪૭૩૦૦૧

**વિ રૂ દધ**

**સામાવાળા :– (૧) વિનાયક મીનરલ્સ,**
સ નં.ર૪૭ પી૧, સીએનજી પંપ સામે, જેતપર રોડ,મું.બેલા(રંગપર), જી.મોરબી–૩૬૩ ૬૪ર

**(૨) બજાજ આલીઆન્ઝ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.**
અનંત ધ વર્ક સ્પેસ, ઓફીસ નં.ર૦ર, બીજો માળ, સ્કેચર શો રુમ ઉપર, કાલાવડ રોડ, રાજકોટ

**W. C. [Distribution] Case No.09 of 2026**

**અરજદાર તરફે :** વિ. વ. શ્રી એ.એમ.મુલીયા
**સામાવાળા નં.૧ તરફે :** જાતે
**સામાવાળા નં.ર તરફે :** ગેરહાજર

**:: આંક–૧ તથા આંક–૧ર લગત હુકમ ::**

**–: ચુકાદો :–**

(૧) આ કામે ગુજરનાર **પપ્પુ બારેલા સ/ઓ કુલસિંહ બારેલા** નાઓ સામાવાળા નં.૧ ને ત્યાં ફરજ બજાવતા હતા ત્યારે નોકરીમાં પોતાની ફરજ દરમ્યાન **તા.૩૧/૦૭/ર૦ર૫** નારોજ અકસ્માતે અવસાન થયેલ. આ કામના સામાવાળા એ **આંક–ર** થી વળતરની રકમ **રૂ.૧૪,ર૧,૭૦૦/–(અંકે રૂ. ચૌદ લાખ એકવીસ હજાર સાતસો પુરા)** સ્ટાડર્ડ ચાર્ટર બેંક, મુંબઈ શાખાના **ચેક નં .૯૭૩૯૫૪, તા.૧૪/૦૧/ર૦ર૫,** જે અત્રેની કોર્ટના પી.એલ.એ ખાતામાં જમાં કરાવેલ. જે કલીયર થઈ આવતા ગુજરનારના આશ્રીતો અને એકસ ઓફીસીયો કમીશનરના નામની ઈંડિયન બેંક, રાજકોટમાં રસીદ **નંબર :૦ર૩૯ર૪૦, તા.૧૭/૦ર/ર૦ર૬** થી એક વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે જે રકમ હાલના કામે જમા રકમ ની વહેંચણી સારૂ પક્ષકારોને કેસની સુનવણી માટે હાજર રહેવા **આંક–૯** થી નોટિશ કાઢવામાં આવેલ.

(ર) ગુજરનારના વારસોને નોટિસની જાણ થતા તેઓ હાજર થયેલ છે. અને સામાવાળા નં.૧ ને રજી.પો.એ.ડી સ્ટેટસ રીપોર્ટ મુજબ તેમજ નં.ર ને બેલીફશ્રી મારફત રૂબરૂ નોટીસ બજી ગયેલ છે. ગુજરનારના આશ્રીત/અરજદારો તેઓના વિ.વ.શ્રી સાથે હાજર રહેલ છે અને **આંક–૧૧** થી વકીલપત્ર રજુ કરી **આંક–૧ર** થી જમા થયેલ વળતરની

રકમ આશ્રીતોને વહેંચણી કરવા અરજી કરેલ છે. ત્યારબાદ **આંક–૧૪** થી નીચે મુજબના દસ્તાવેજોની નકલ રજુ રાખેલ છે. સામાવાળા નં.–૨ તે વિમા કંપની તે રકમ જમા કરાવનાર છે. જેઓએ રકમ જમાં લેવા અંગેની પુરસીસમાં જાહેર કરેલ છે કે – આ રકમ અરજદારને ચુકવી આપવામાં આવે તો વાંધો નથી. – અરજદારોએ **આંક–૧૨** ની ડીસ્ટ્રીબ્યુશન અરજી કરી જણાવેલ છે કે, અરજદારો ગુજરનારના આશ્રીત હતા અને ગુજરનારના બીજા કોઈ આશ્રીત નથી. જમા રકમ ચુકવી આપવા વિનંતી કરેલ છે. સામાવાળા ઘ્વારા જમા કરાવવામાં આવેલ રકમ અરજદારોને ચુકવી આપવા સામે વાંધો નથી. અરજદારોએ **આંક–૧૩** લગત પુરસીસથી બાંહેધરી આપેલ છે કે તેઓને જમા કરાવેલ રકમ કબુલ/મંજુર છે અન્ય કોઈ કોર્ટ કે ટ્રીબ્યુનલ સમક્ષ કોઈ કેસ, અરજી કે દાવો કરેલ નથી.

(૩) સદરહુ કામે અરજદારો તરફે આંક ૧૪ થી નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

| **આંક/માર્ક** | **વિગત** |
|---|---|
| ૧૪/૧ | કુલસિંહ બારેલા (મૃતકના પિતા)આધાર કાર્ડ |
| ૧૪/૨ | કમરાબાઈ (મૃતકની પત્નિ)આધારકાર્ડ |
| ૧૪/૩ | વિશાલબારેલા(મૃતકનો સગીરપુત્ર)આધારકાર્ડ |
| ૧૪/૪ | રાની બરેલા(મૃતકની સગીરપુત્રી)આધારકાર્ડ |
| ૧૪/૫ | સ્વર્ગસ્થ બરફીબાઈ (મૃતકની માતા) મૃત્યુપ્રમાણપત્ર |
| ૧૪/૬ | મૃતક પપ્પુ બારેલાનુ આધારકાર્ડ |
| ૧૪/૭ | મૃતક પપ્પુ બારેલાનુ મૃત્યુપ્રમાણપત્ર |
| ૧૪/૮ | વાર્ષાઇ આંબો (વંશાવલિ) |
| ૧૪/૯ | વિરોધી નં.૧ તરફથી એનઓસી |

(૪) આ કામે સંબધીત જોગવાઈઓ જરૂર પુરતી ઘ્યાને લઈએ તો .........

**8. Distribution of compensation.—**

(4) On the deposit of any money under sub-section (1), 1 [as compensation in respect of a deceased workman] the Commissioner 2 [***] shall, if he thinks necessary, cause notice to be published or to be served on each dependant in such manner as he thinks fit, calling upon the dependants to appear before him on such date as he may fix for determining the distribution of the compensation. If the Commissioner is satisfied after any inquiry which he may deem necessary, that no dependant exists, he shall repay the balance of the money to the employer by whom it was paid. The Commissioner shall, on application by the employer, furnish a statement showing in detail all disbursements made.

(૫) ઉપરોકત જોગવાઈઓ તથા હાથ ઉપરના કેસની હકીકતો ધ્યાને લેતા, હાલના કામે અરજદાર તરફે નં.૧ગુજરનારના પિતા, નં.ર ગુજરનારના પત્નિ, નં.૩ ગુજરનારના સગીર પુત્ર અને નં.૪ ગુજરનારના સગીર પુત્રી અરજદારો પૈકી અરજદાર નં. ૧ અને ર ક્રમશ: **આંક–૧૫, ૧૬** થી સોગંદનામુ રજુ કરેલ છે જેમા અરજદાર નં.૧ ગુજરનારના પિતા, નં .ર ગુજરનારના પત્નિ, તેમજ ગુજરનાર અકસ્માત સમયે પરણીત હતા તથા બધા આશ્રિતો સાથે રહેતા હોવાનુ અને ગુજરનારના જ આવક ઉપર આશ્રિત હોવાનુ જણાવે છે અરજદાર નં.૧ અને ર નાએ એ ક્રમશ: આંક –૧૫,૧૬ વહેંચણી કરી આપવા જણાવેલ છે.પરંતુ અરજદાર નં.૧ આંક–૧૫ થી રજુ સોગંદનામુ કરી સ્વૈચ્છીક રીતે જણાવે છે કે, સદરહુ રકમ મેળવવા માટે આ કામના ગુજરનાર કુલસિંહ બારેલાના કાયદેસરના વારસદાર અને આશ્રિતો દવારા સદરહુ કામમાં અરજી આપેલ છે જેમાં અમો પણ ગુજરનાર પપ્પુ બારેલાના કાયદેસરના પિતા તેમજ આશ્રિત થતા હોઈ તેથી અમોને મળવાપાત્ર અકસ્માત વળતરની રકમ અમો કાયદેસરના

વારસદાર તેમજ આશ્રિત સદરહુ જમા થયેલ રકમમાંથી કોઈ પણ રકમ મેળવવા પ્રેસ કરતા નથી તેમજ સદરહુ જમા થયેલ રકમમાંથી અમો અરજદારના ભાગે આવતી રકમ ગુજરનારના અન્ય વારસદારો પૈકી તેમજ ગુજરનારના પત્નિ અને તેમના સંતાોનોને પુરેપુરી ચૂકવી દેવામાં આવે તો અમો ગુજરનારના પિતા/આશ્રિત અમો કુલસિંહ બારેલા ને કોઈ વાંધો-તકરાર નથી અને સ્વૈચ્છિક રીતે ઉપરોકત મેળવવાનો હકક રાજીખુશીથી જતો કરીએ છીએ તેમજ સદરહુ સોગંદનામુ અમો કોઈ પણ જાતના દબાણ, ધમકી કે લાગણી વગર, રાજીખુશીથી આ સોગંદનામુ કરીએ છીએ. રજુ સોગંદનામાની અરજદારની વર્ચ્યુઅલ ખાત્રી કરતા અરજદાર સોગંદનામાની હકીકતો સ્વૈચ્છીક પણે કબુલ મંજૂર રાખેલ છે. વધુમાં **આંક-૧૩** થી ઉપરોકત અરજદારો હકીકતને સમર્થન કરી વળતરની રકમ કબુલ મંજુર રાખી પોતે અન્ય કોઈ કેસ કે દાવો કરવા માંગતા નથી કે અન્ય કોઈ પેનલ્ટી કે ખર્ચની રકમ મેળવવા આગ્રહ રાખતા નથી તેમ સોગંદ ઉપર જણાવેલ છે. અને સામાવાળાઓ વળતર પેટે **રૂા.૧૪,૨૧,૭૦૦/-(અંકે રૂા. ચૌદ લાખ એકવીસ હજાર સાતસો પુરા)** નામદાર કોર્ટ જમા કરાવેલ છે જે અમો વારસદારને કબુલ, મંજુર છે. **આંક-૧૪/૯** થી સંસ્થાનું નો ઓબ્જેકશન પુરસીસ રજુ રાખેલ છે. **આંક -૬** થી રકમની ગણતરી દર્શાવતુ પત્રક રજુ રાખેલ છે તેમજ **આંક -૧૩** થી બાંહેધરી પત્ર રજુ છે, તેમજ વધુમાં જણાવેલ છે કે, અન્ય કોઈ કેસ કરેલ નથી અને જમાં રકમ સ્વેચ્છાએ કબુલ/મંજુર રાખીએ છીએ. વધુમાં અમો બે અરજદાર સિવાય અન્ય કોઈ આશ્રીત નથી તેમ જણાવેલ છે.

(૬) **Section-2 (d) "dependant"** means any of the following relatives of deceased *[employee], namely:--
(i) a widow, a minor legitimate or adopted son, an unmarried legitimate or adopted daughter or a widowed mother; and
(ii) if wholly dependant on the earnings of the *[employee] at the time of his death, a son or a daughter who has attained the age of 18 years and who is infirm;
(iii) if wholly or in part dependant on the earnings of the *[employee] at the time of his death,--
(a) a widower,
(b) a parent other than a widowed mother,
(c) a minor illegitimate son, an unmarried illegitimate daughter or a daughter legitimate or illegitimate or adopted if married and a minor or if widowed and a minor,
(d) a minor brother or an unmarried sister or a widowed sister if a minor,
(e) a widowed daughter-in-law,
(f) a minor child of a pre-deceased son,
(g) a minor child of a pre-deceased daughter where no parent of the child is alive, or
(h) a paternal grandparent if no parent of the *[employee] is alive;

આ કામે ઉપરોકત કલમ તથા તેમાં જણાવેલ સંબધીત ડીપેન્ડન્ટ કોને ગણી શકાય તે જોતા હાલના કામે પક્ષકારો તરફથી જે રજુઆત કરેલી છે તે મુજબ અરજદાર નં.૧ ગુજ.પપ્પુ બારેલા ના પિતા ફુલસિંહ બારેલા (સ્વૈચ્છાએ હકક જતો કરેલ છે), અરજદાર નં.ર ગુજ. ના પત્નિ, અરજદાર નં.૩ ગુજ.ના સગીરપુત્ર અને અરજદાર નં.૪ ગુજ.ના સગીરપુત્રી . તેથી અરજદાર નં. ૧ થી ૪ ને ગુજ.ના આશ્રીત છે પરંતુ અરજદાર નં.૧ તેઓના આંક–૧૫ થી રજુ સોગંદનામાથી તેઓની આશ્રિતાનો હકક પુત્રવધુની તરફેણમાં જતો કરેલ હોય, આ કામે અરજદાર નં. ર થી ૪ ને આશ્રિત ગણવા ન્યાયોચીત જણાય છે.

આ કામે **આંક–૧૨** થી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ રજુ કરેલ છે તે જોતા તેમજ અરજદારો તરફે ૧૪/૧કુલસિંહ બારેલા (મૃતકના પિતા)આધાર કાર્ડ,૪/૨કમરાબાઈ(મૃતકનીપત્નિ)આધારકાર્ડ,૪/૩વિશાલબારેલા (મૃતકનોસગીરપુત્ર)આધારકાર્ડ,૪/૪રાનીબરેલા(મૃતકની સગીર પુત્રી)આધારકાર્ડ,૧૪/પસ્વર્ગસ્થબરફીબાઈ (મૃતકની માતા)મૃત્યુપ્ર માણપત્ર,૧૪/૬મૃતક પપ્પુ બારેલાનુ આધારકાર્ડ,૧૪/૭મૃતકપપ્પુ બારેલાનુ મૃત્યુપ્રમાણપત્ર,૧૪/૮વાર્ષાઇ આંબો (વંશાવલિ),૧ ૪/૯વિરોધી નં.૧ તરફથી એનઓસી તે દસ્તાવેજી પુરાવાથી પણહાલના અરજદારો પૈકી **અરજદાર નં. ૨ થી ૪** ગુજરનાર સાથેના સંબંધથી આશ્રીત હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૭) સદરહુ કામે રેકર્ડ ઉપર આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અરજદાર નીચે મુજબની હકીકતો વ્યાજબી સમર્થન સાથે કોર્ટના રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ છે. **ગુજ. પપ્પુ બારેલા સ/ઓ કુલસિંહ બારેલા નુ તા.૩૧/૦૭/૨૦૨૫** ના રોજ સામાવાળા નં.૧ ને ત્યાંની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતના કારણે મૃત્યુ થયેલ છે. ગુજ. પપ્પુ બારેલા સ/ઓ કુલસિંહ બારેલા સામા.નં.૧ નાઓની નોકરીની ફરજ દરમ્યાન થયેલ છે. અકસ્માત સમયે ગુજરનારની **ઉંમર ૩૮** વર્ષની દર્શાવેલ હોય જમાં કરાવેલ વળતર ની રકમ વ્યાજબી અને યોગ્ય છે. સામાવાળાઓને પણ મરણ પામનાર ગુજ. પપ્પુ બારેલા સ/ઓ કુલસિંહ બારેલા ના આશ્રીતો વચ્ચે વળતરની રકમની વહેચણી નામદાર કોર્ટે દ્વારા કરવામાં આવે તો તેમને કોઈ જ પ્રકાર

નો વાંધો નથી. સદર કામે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતાં, અરજદાર નં. ૨ થી ૪ ગુજરનારના આશ્રીત હોવાનું તારણ થાય છે અને કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓને ધ્યાને લેતા અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થાય છે, અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિત હોઈ સદર કામે જમા થયેલ રકમ તેઓને મળવાપાત્ર થતી હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફર્સ્ટ અપીલ નં.૩૮૩૦/૨૦૦૬ ની દિ. ૫. અ. નં.૧૧૭૦૬/૨૦૦૬ થી ફર્સ્ટ અપીલ નં.૩૮૪૦/૨૦૦૬ ની દિ.૫.અ.નં.૧૧૭૧૬/૨૦૦૬, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિરુધ્ધ નરસીંહ ડી. હરીજન(સોલંકી)ના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા ગાઈડલાઈન્સ જેમાં નોંધેલ છે કે, Commissioner for Workmen Compensation shall order for deposit of at least 85% amount of compensation awarded (inclusive of penalty and interest) in long-term Fixed Deposits in any Nationalised Bank and as far as possible in State Bank of India with a provision that the claimant/s shall be entitled to a periodical monthly/quarterly interests on such Fixed Deposit. ધ્યાને લેતાં સામાવાળાઓ ધ્વારા વળતર પેટે જમા કરવામાં આવેલ રકમ **સામાવાળાઓ વળતર પેટે રૂા.૧૪,૧૬,૭૦૦/-તેમજ ફયુરેનલના રૂા.૫૦૦૦/- એમ કુલ મળી રૂા.૧૪,૨૧,૭૦૦/- (અંકે રૂા. ચૌદ લાખ એકવીસ હજાર સાતસો પુરા)** ની કુલ રકમ ન્યાયના વિશાળ હિતમાં નીચે જણાવેલ હુકમની વિગતે **અરજદાર નં. ૨ થી ૪** ને વહેંચણી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :-**

| **ક્રમ** | **નામ** | **ગુજ.સાથે સંબંધ** | **કેશ ₹** | **એફ.ડી. ₹** | **કુલ ₹** | **સમય ગાળો** |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુલસિંહ બારેલા | પિતા ઉ.વ.૭૨ | હકક જતો કરેલ છે. | | | |
| ૨ | કમરાબાઈ | પત્નિી ઉ.વ.૩૪ | રૂા.૨,૨૧,૭૦૦/- | રૂા.૩,૦૦,૦૦૦/- | રૂા.૫,૨૧,૭૦૦/- | પાંચ વર્ષ |
| ૩ | વિશાલ બારેલા | સગીરપુત્ર ઉ.વ.૧૪ | --- | રૂા.૫,૦૦,૦૦૦/- | રૂા.૫,૦૦,૦૦૦/- | પુખ્ત થતા સુધી |
| ૪ | રાની બારેલા | સગીરપુત્રી ઉ.વ.૮ | --- | રૂા.૪,૦૦,૦૦૦/- | રૂા.૪,૦૦,૦૦૦/- | પુખ્ત થતા સુધી |
| **કુલ** | | | **રૂા.૨,૨૧,૭૦૦/-** | **રૂા.૧૨,૦૦,૦૦૦/-** | **રૂા.૧૪,૨૧,૭૦૦/-** | |

(૧) અરજદાર નં.૨ ને રોકડમાં ચુકવવાના થતાં નાણાં એકાઉન્ટ પે ચેકથી ઓળખના પુરાવા લઈ ચુકવવાનું ઠરાવવામાં આવે છે તથા જમાં રકમની એફ.ડી. ની રકમનુ જે વ્યાજ હોય તે અરજદાર નં.૨ ને એકાઉન્ટ પે ચેકથી ચુકવી આપવુ તેમજ અરજદારોની ફીકસ ડીપોઝીટમાં મુકવાની રકમ અરજદાર તથા કમિશ્નરશ્રી, વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ઉપર જણાવેલ સમયગાળા માટે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદાર નં.૩ અને ૪ સગીર હોય તેઓના કુદરતી વાલી તરીકે અરજદાર નં.૨ સગીરના માતાને વાલી તરીકે નિમણુંક આપવામાં આવે છે અને તે રીતે **સગીર અરજદાર નં.૩ અને ૪** ની ફીકસ

ડીપોઝીટમાં મુકવાની થતી રકમ સગીર અરજદાર તથા કમિશ્નરશ્રી, વર્કમેન કોમ્પેનસેશન ના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ઉપર જણાવેલ સમયગાળા માટે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત ફીકસ ડીપોઝીટની રકમ પૈકી **અરજદાર નં. ૨ ને** તેની ફીકસ ડીપોઝીટ પરનું **ત્રિમાસિક વ્યાજ** તેઓના ખાતામાં જમા આપવું અને **અરજદાર નં. ૩ અને ૪ સગીરની** ફીકસ ડીપોઝીટનું વ્યાજ **પાકતી મુદતે એકી સાથે** આપવું.

(૪) બેંકને આથી આદેશ કરવામાં આવે છે કે, બેંકે ફીકસ ડીપોઝીટ પાકયા પહેલાં તેમજ કોર્ટની પરવાનગી વિના સદર ફીકસ ડીપોઝીટ ઉપર કોઈપણ એડવાન્સીસ કે લોન આપવી નહીં.

(૫) ફીકસ ડીપોઝીટ રસીદની ઝેરોક્ષ નકલ અદાલતમાં સામેલ કરી અસલ પક્ષકારોને આપી જાણ કરવી.

**હુકમ આજરોજ તા.૧૧,માર્ચ સને-૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.**

સ્થળ : રા જ કો ટ.

તારીખ : ૧૧ / ૦૩ / ૨૦૨૬

VDJ

( **પી. આર. સુથાર** )
GJ01026
કામદાર વળતર ધારા કમિશ્નર
અને ન્યાયાધીશ (સી.ડી.)
મજુર અદાલત નંબર-૨, રાજકોટ